
आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः

भारतीय विचार मंच

# વિચાર સંદેશ

વર્ષ : 1 * અંક : 8 * ફેબ્રુઆરી 2022 * યુગાબ્દ 5123

- સ્વતંત્રતા પ્રાપ્તિનો અમૃત મહોત્સવ અને સમકાલીન પડકારો વિશે અંગ્રેજી સામયિક ઑર્ગેનાઇઝરના તંત્રીશ્રીની પ્રસ્તુતિ.
- વેબસાઈટ ઉપર શરૂ થયેલ પુસ્તકોની ખરીદી માટેની સુવિધાઓ.
- સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતનાં કેન્દ્રોનો કાર્યકર્તા અભ્યાસ વર્ગ.
- ગાંધીનગર કેન્દ્ર ઉપર પણ 'વાચક ગોષ્ઠિ' કાર્યક્રમનો સફળ પ્રયોગ.
- 'સહચિંતન' અને 'બોધકથા' માં આગળનું એક ચરણ.






# વિચાર સંદેશ

વર્ષ : 1   અંક : 8
ફેબ્રુઆરી 2022   યુગાબ્દ 5123

**સંપાદક**
પંકજ પુરોહિત

**લે-આઉટ અને ડિઝાઇન**
વૈભવસિંહ ઠાકોર

## સંપાદકીય

સુજ્ઞ વાચક મિત્રો,

"વિચાર સંદેશ" એ ભારતીય વિચાર મંચ દ્વારા છેલ્લા આઠ મહિનાથી નિયમિત માસિક ઈ પત્રિકા સ્વરૂપે પ્રકાશિત થાય છે અને આપણને પ્રાપ્ત થાય છે. આપને ધ્યાનમાં જ હશે કે દર મહિને 8 તારીખ સુધીમાં આપણે તેનો અંક પ્રકાશિત કરી દઈએ છીએ પરંતુ આ વખતનો અંક આપણે અનિવાર્ય કારણોસર યથા સમયે પ્રકાશિત નથી કરી શક્યા, તે બદલ ક્ષમસ્વ.

વિચાર સંદેશ એ મુખ્યત્વે મંચની ગતિવિધિ જાણવા અને કાર્યકર્તાને કાર્યની દિશા અને સમજ આપવા માટે પ્રકાશિત કરવામાં આવતું એક ગતિશીલ સામયિક છે. જેમાં "સહ ચિંતન" લેખના માધ્યમથી કાર્યકર્તાઓને કાર્યની દિશા અને સમજ આપવાનો નિયમિત પ્રયાસ પ્રજ્ઞા પ્રવાહના સહ સંયોજક શ્રીકાંતભાઈ કાટદરે દ્વારા કરવામાં આવે છે. ત્યારબાદ આ અંકમાં ગત મહિને થએલ સ્વતંત્રતા પ્રાપ્તિનો અમૃત મહોત્સવ અને સમકાલીન પડકારો પર ઓર્ગેનાઈઝરના તંત્રી પ્રફુલ્લ કેતકરજી દ્વારા ખૂબ સુંદર વ્યાખ્યાન આપ્યું હતું તે વિશે, બીજું ગાંધીનગર કેન્દ્રમાં થએલ કાર્યકર્તા અભ્યાસ વિશેની માહિતી, ગાંધીનગર કેન્દ્રે કરેલી પ્રથમ વાચક ગોષ્ઠિની માહિતી અન્ય કેન્દ્રોને આ પ્રકારે કરવા પ્રેરણા આપશે. સાથે જ હવેથી મંચના પુસ્તકોનું ઓનલાઇન વેચાણ મંચની જ વેબસાઈટ પરથી શરૂ થઈ ગયું છે, તે વિશેની વિશેષ માહિતી સાથે એક બોધકથા પણ આ અંકમાં સમ્મિલિત છે.

આવતા અંકથી ફરી નિયમિતતા સાથે જ ચોકસાઈ રાખી આપના સુધી પહોંચાડીશું. સૌ વાચકમિત્રોને વિચાર સંદેશ સામયિક વિશેના આપના પ્રતિભાવો પણ અમારા સુધી પહોંચાડવા માટે વિનંતી છે.

3

સહચિંતન

7

ભારતીય વિચાર મંચ
ગુજરાત - વેબિનાર

11

કેન્દ્રશઃ  કાર્યક્રમો

17

પ્રકાશિત ઉત્તમ સાહિત્ય ઓનલાઇન

23

પુસ્તક પરિચય

25

વિચાર બોધ


आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः

भारतीय विचार मंच

# વિચાર સંદેશ

માસિક


**<u>વ્યવસ્થાપક</u>**

**જ્વનિલ દ્વિવેદી**

ભારતીય વિચાર મંચ, ૪, મયુર ચેમ્બર, ગાંધીગ્રામ રેલ્વે સ્ટેશન સામે, એલિસબ્રિજ,

અમદાવાદ – ૩૮૦૦૦૯

ઈ મેઈલ :

bvmguj@gmail.com

**7405862697**

# સહચિંતન

આત્મીય બંધુગણ

કશું પણ બોલતા લખતા હંમેશાં આગ્રહપૂર્વક કહું છું તેમ આ ઉપદેશ નથી, સહચિંતન છે. અને ચિંતનની શરૂઆત હંમેશાં પહેલા પુરુષ એકવચનથી એટલે 'હું'થી(મારાથી) થાય છે. એટલે એનો સંબંધ જેટલો પોતાની સાથે આવે છે એટલો અન્યો સાથે નથી આવતો. એ દ્રષ્ટિથી જ આપણે બધા તેનો વિચાર કરીએ એવી વિનંતી છે.

આપણે હંમેશાં દાવો કરીએ છીએ કે આપણે ઇશ્વરીય કાર્ય કરી રહ્યા છીએ. અને ઇશ્વરીય કાર્ય કહીને આપણે ઇશ્વર પાસેથી એવી અપેક્ષા પણ રાખીએ છીએ કે ઇશ્વરનું જ કામ આપણે કરતા હોવાથી ઇશ્વર આપણને અનુકૂળ થશે જ, પરંતુ શું આ વિચારદિશા યોગ્ય છે ? ચિંતકશ્રેણીમાં અગ્રણી તરીકે સર્વમાન્ય ગણાતા અને ઇશ્વરીય કાર્ય માટે સર્વસ્વ સમર્પિત કરી ચૂકેલા આપણા જ એક વરિષ્ઠ બંધુએ એક વાત કરી, તેમણે કહ્યું કે આપણા કાર્યકર્તાબંધુઓને આપણાં કાર્યને ઇશ્વરીય કાર્ય તરીકે સમજાવતા મેં એક ચિંતકની અને ઉપદેશકની શૈલીમાં કહ્યું કે 'આપણે ઇશ્વરનું કામ કરી રહ્યા છીએ એટલે એવો વિશ્વાસ રાખીએ કે ઇશ્વર પણ આપણને અનુકૂળ થવાનો જ છે.' હું મંચ પરથી બોલતો હતો અને મારા પ્રત્યે આદર ધરાવતા અને મારી વરીયતા સ્વીકારતા બંધુઓ મારી વાત શ્રદ્ધાપૂર્વક સાંભળતા પણ હતા અને સ્વીકારતા પણ હતા. પરંતુ એ વક્તવ્ય પૂરું થયા પછી એક ગ્રામીણ અને ચિંતકોની અથવા પ્રબુદ્ધોની શ્રેણીમાં ન ગણાતા વડીલ કાર્યકર્તાએ  મને અત્યંત નમ્રતાથી મારા વક્તવ્યના આ વક્યખંડના સંદર્ભમાં પૂછ્યું, 'આપે કરેલી આ વાત શું યોગ્ય છે ? તેમાં કોઇ પુનર્વિચારની આવશ્યકતા નથી ?' હું પણ મારી ચિંતક તરીકેની ખ્યાતિથી ઉચ્ચ માનસિક અવસ્થામાં હોવાથી મેં પૂછ્યું, 'કેમ એમાં શું ખોટું છે ?' ત્યારે તેમણે કહ્યું, જો આપણે ઇશ્વરનું કાર્ય કરવા માટે પ્રતિબદ્ધ હોઇએ તો ઇશ્વરની એવી અપેક્ષા નહીં હોય કે આપણે તેનાં કાર્યને અનુકૂળ થઇએ ? કે તેણે જ આપણને અનુકૂળ થવું પડશે ?' આટલી વાત કરીને તેમણે વાત મૂકી દીધી, શાસ્ત્રાર્થ ન કર્યો. મેં પણ ખેલદીલીથી  તેમની વાતમાં ગર્ભિત સત્યનો તરત સ્વીકાર ન કર્યો પણ મને ધ્યાનમાં તો આવી જ ગયું કે મારે મારી વિચારપદ્ધતિમાં ધરમૂળથી સુધાર કરવાની આવશ્યકતા છે.

આપણે પણ આ સંવાદનો વિચાર કરીએ. જો તે ગ્રામીણ સજ્જને કરેલી વાત સાચી હોય તો એનો અર્થ એ છે કે કાર્ય માટે વધુ ને વધુ અનુકૂળ થવા માટે નિરંતર જાગ્રત પ્રતિબદ્ધ રહેવું અને આપણી યોગ્યતા વિશે નિરંતર ચિંતન કરતા રહેવું એ આપણી ઇશ્વરીય કાર્યને યોગ્ય બનવા માટેની સૌથી પહેલી આવશ્યકતા છે. અને ચિંતન હંમેશાં પહેલા પુરુષ એકવચનથી જ શરૂ થાય છે અને તેનું સાચું નિરીક્ષણ અને પરીક્ષણ પોતાના સિવાય કોઇ કરી શકતું નથી. અને કદાચ એ જ સૌથી કઠીન વસ્તુ છે. પોતે ક્યાં ઉભા છે તેનો(સ્ટેંડિંગ પોઇંટનો) સ્વીકાર અને જે દિશામાં જવું આપણી પાસેથી અપેક્ષિત છે તેની બાબતમાં આપણી મનોવૃત્તિ, ગતિ અને પ્રતિબદ્ધતા. આનું શ્રેષ્ઠતમ પરીક્ષણ આપણા પોતાના સિવાય કોઇ કરી શકતું નથી. સ્ટેંડિંગ પોઇંટનો પ્રામાણિક સ્વીકાર વ્યક્તિને દુર્યોધન અને તે તરફની ગતિ માટેનો નિરંતર પ્રયત્ન યુધિષ્ઠિર સિદ્ધ કરે છે.

દુર્યોધનનું હિત ઇચ્છતા કોઇ સુજ્ઞ આત્મીયજને તેને ધર્મ અને અધર્મ સમજાવવાનો પ્રયાસ કરી સન્માર્ગે વાળવાનો પ્રયાસ કર્યો. ત્યારે શું થયું ? 'દુર્યોધને તેમનું મોઢું તોડી લેતા કહ્યું, તમે મને ધર્મ અને અધર્મ  સમજાવો છો એટલે મને મૂર્ખ માનો છો ? 'મને ઉપદેશ ન આપો,  હું ધર્મ, અધર્મ બંને જાણું જ છું પણ  'जानामि धर्मं न च मे प्रवृत्ति, जानाम्यधर्मं न च मे निवृत्ति ॥ ધર્મ તરફ પ્રવૃત્તિ(ગતિ) નથી. અને અધર્મ પણ જાણું છું પણ હું તેનાથી નિવૃત્ત થઇ શકતો નથી. એનો અર્થ શું એવો કરી શકાય કે માત્ર બધું જાણનારો  માણસ જો યોગ્ય દિશામાં જવાની બાબતમાં જાગ્રત ન રહે તો દુર્યોધન  રહે છે અને એ બાબતમાં તેનો નિરંતર પ્રયાસ જ તેને યુધિષ્ઠિર બનવા સુધી પહોંચાડી યુધિષ્ઠિર બનાવી દે છે.

ઇશ્વરીય કાર્યનું યોગ્ય સાધન બનવા અથવા યોગ્ય વાહક બનવા માટે માત્ર ધર્મ- અધર્મ સમજવો પૂરતું નથી પણ યોગ્ય વાહક બનવાની દિશાનો નિરંતર પ્રયાસ અને કઠોર આત્મપરીક્ષણ અનિવાર્ય છે.

કાર્યવૃદ્ધિની ત્રિવાર્ષિક યોજનાનો વિષય આપણી સામે આવવાનો જ છે. કાર્યવૃદ્ધિનો વિષય સામે આવે એટલે સંખ્યાત્મક વૃદ્ધિની દ્રષ્ટિથી વિચાર થાય એ સહજ છે. સ્થાન વધે, કાર્યક્રમો વધે, આયામો વધે, સાહિત્ય વધે,કાર્યક્રમોની સંખ્યા વધે સંખ્યાત્મક વૃદ્ધિ એ હંમેશાં દર્શનીય વૃદ્ધિ ગણી શકાય અને દર્શનીય  હોવાને કારણે હંમેશાં તેનું સ્વરૂપ દર્શનીય રહે તેવી માનવસહજ ઇચ્છા સ્વાભાવિક છે. એમાં કાંઇ અજુગતું નથી, .

પરંતુ શું એ પૂરતું  છે ? અથવા એટલું જ અપેક્ષિત છે ? આપણે ત્યાં, આપણે ત્યાં એટલે ભારતીય સંસ્કાર પરંપરામાં માંગલ્યસૂચક શબ્દ છે શુભ લાભ. શુભ માંગલ્યસૂચક શબ્દ છે અને લાભ લાભસૂચક. એટલે અર્થપ્રાપ્તિ માટે સંખ્યાત્મક વૃદ્ધિ માટેનો શબ્દ છે લાભ(નફો-ફાયદો). એટલે શુભ શબ્દ શેને માટે છે ? લાભ કેટલો થયો બતાવવા માટે માત્ર લાભ શબ્દ પૂરતો છે પણ કેવી રીતે આટલો થયો એ પ્રશ્ન પણ જ્યાં મહત્ત્વનો ગણાય છે ત્યાં તે યોગ્ય માર્ગે થયો એ દર્શાવવા માટેનો શબ્દ છે શુભ. હવે  આ માર્ગની યોગ્યતા, અયોગ્યતાનો પ્રશ્ન નથી લાભ શુભ એ સ્વરૂપ યોગ્ય જ ગણાય છે. તમારી ધનવૃદ્ધિ થઈ રહી છે એટલું જ પૂરતું છે, આ વૃદ્ધિ કેવી રીતે થઈ રહી છે એનું કોઇ મહત્ત્વ નથી અથવા  પ્રશ્ન જ ઉભો થતો નથી. પરીક્ષામાં કેટલા ગુણ પ્રાપ્ત થયા તે જ મહત્ત્વનું છે, યોગ્ય માર્ગે થયા કે નહીં એ પ્રશ્ન જ જ્યાં ઉઠતો નથી ત્યાં પરીક્ષામાં ચોરી એ કુશળતાનું પ્રતીક બને છે. કાળા બજાર એ અર્થવૃદ્ધિની કુશળતાનું પ્રતિક બની રહે છે. પરંતુ ભારતીય વિચારમાં લાભ એ જ શુભ નથી, લાભ થયાનો માર્ગ જ તેનું શુભત્વ કે અશુભત્વ(યોગ્યતા કે અયોગ્યતા) નકી કરે છે.

એટલે શુભ લાભ જ આપણે ત્યાં માન્ય થવો જોઇએ. છે કે નહીં તેનું આત્મપરીક્ષણ સતત થતું રહેવું જોઇએ. ભારતીય વિચારનાં આધારે રાષ્ટ્રને  પરમવૈભવ અને પરમસામર્થ્ય સંપન્ન બનાવવા માટે સર્વસ્વસમર્પણનો એકમાત્ર સંકલ્પ કરીને શરૂ થએલાં કાર્યની શતવાર્ષિકીને ધ્યાનમાં રાખી આ ત્રિવાર્ષિક કાર્યવૃદ્ધિની યોજના બની રહી છે. આ પરમવૈભવ અને પરમસામર્થ્યની પ્રાપ્તિ શેને માટે છે ? વિશ્વવિજેતા બનવાનું સામર્થ્ય પ્રાપ્ત કરવા નહીં પણ વિશ્વકલ્યાણક બનવાનું સામર્થ્ય પ્રાપ્ત કરવા માટે. સિકંદરનો સંકલ્પ હશે  શસ્ત્રશક્તિને આધારે વિશ્વવિજેતા બનવાનો અને ભારતનો સંકલ્પ છે ઇશ્વરનિર્મિત સર્વસૃષ્ટિનાં સંરક્ષણનું

સૃષ્ટિનિર્માતા દ્વારા આપણને સોંપાએલું  સૃષ્ટિસંરક્ષણનું કર્તવ્ય પૂર્ણ કરવા માટે પરિવારભાવનો વિકાસ કરતા કરતા સંપૂર્ણ વિશ્વપરિવારનું સંરક્ષણ અને મંગલ કરવા માટે વિશ્વકલ્યાણક બનવાનો. અને એટલે આપણે ત્યાં માત્ર લાભ જ પૂરતો નથી, શુભ લાભ જ અનિવાર્ય છે.

એટલે ત્રિવાર્ષિક કાર્યવૃદ્ધિનો વિચાર અને યોજના કરતી વખતે કાર્યની સર્વંકશ સંખ્યાત્મકવૃદ્ધિ અને તેની સાથે સાથે ગુણાત્મક વૃદ્ધિનો(યુધિષ્ઠિરત્વ પ્રાપ્ત કરવી આપનારી)   વિચાર પણ સતત આપણાં  હ્રદયમાં રહે તે આવશ્યક છે. કેટલી વૃદ્ધિએ વૃત્તકથનનો અને કેવી વૃદ્ધિ તે માનસિક શાંતિનો વિષય છે અને માનસિક શાંતિ માટે સતત આત્મનીરિક્ષણ અને પરીક્ષણ અનિવાર્ય છે. ત્રિવાર્ષક કાર્યવૃદ્ધિની યોજના કરતી વખતે આ વિચાર સતત હ્રદયસ્થ રહેશે તો કાર્યવૃદ્ધિનો પરિશ્રમ અને હેતુ બંને સિદ્ધ થશે એમ લાગે છે.

પાત્રતા ક્યારેય માત્ર પદની ઉચ્ચતા કે કનિષ્ઠતા પર આધારિત નથી હોતી. એટલે આપણે માટે આપણી કે સહકાર્યકર્તાઓની યોગ્યતા સમજવાનો આધાર પદની ઉચ્ચતા કે કનિષ્ઠતા ન રહે એ આવશ્યક છે. એક શ્રેષ્ઠ ચિંતકે આ વાત એક સુભાષિતનાં માધ્યમથી બતાવવાનો પ્રયાસ કર્યો છે.

गुणैरुत्तमतांयाति नोच्चैरासन संस्थितः ।

प्रासादशिखरस्थोपि काको न गरुडायते ॥

અર્થ સમજવાનો પ્રયાસ કરીએ. જેવી રીતે કાગડો માત્ર કોઇ રાજપ્રાસાદનાં શિખરે વિરાજમાન થવાથી જ ગરુડ સિદ્ધ નથી થતો તેવી જ રીતે કોઇ પણ વ્યક્તિના વિવિધ પ્રસંગે પ્રકટ ગુણ જ તેની ઉત્તમતા સિદ્ધ કરે છે, તેનું ઉચ્ચ પદ કે ઉચ્ચાસન નહીં.

આ જ વાતનું એક બીજું પાસું છે. ઇશ્વરીય કાર્ય જેવા અત્યંત મહત્ત્વપૂર્ણ કાર્ય માટે પ્રતિજ્ઞિત કાર્યકર્તા ભૂલથી પણ કોઇની બાહ્ય ચમકદમક, કેવળ વાક્ચાતુર્ય કે બાહ્ય ઠાઠમાઠથી પ્રભાવિત થયા વગર પ્રત્યેકને તેનાં યોગ્ય સ્વરૂપમાં ઓળખતા અને તેને આધારે તેની પાસેથી અપેક્ષા રાખતા કે તેને કામ સાથે જોડતા શીખે. એક સુભાષિત કહે છે,

काकस्य गात्रं यदि कांचनस्य माणिक्यरत्नं यदि चंचुदेशे ।

एकैकपक्षे ग्रथितं मणिनाम् तथापि काको न तु राजहंस ॥

આખું શરીર સુવર્ણથી મઢેલું હોય, ચાંચ હિરામાણેક્થી મઢેલી હોય, પ્રત્યેક પાંખ મણિ કે રત્નજડિત હોય તો પણ કાગડો કાગડો જ રહે છે, ફક્ત આટલું થવાથી જ તે રાજહંસ બનતો નથી.

આપણી ઉપર કાર્યે નાખેલી જવાબદારી આપણને આ દ્રષ્ટિ કેળવવાની અપેક્ષા રાખે છે.

મને લાગે છે કે આપણી ઉપર આવેલી અત્યંત મહત્ત્વપૂર્ણ કાર્યની જવાબદારી, પોતાનાં કાર્યની સિદ્ધતા માટે આપણે યોગ્ય સાધન કે વાહક બનીએ એવી ઇશ્વરે આપણી પાસેથી રાખેલી અપેક્ષા એ બંને વાતનું મહત્ત્વ સમજી આપણે આ દિશામાં નિરંતર ચિંતન કરતા રહીએ. કારણ બાકી ગુણો પ્રાપ્ત કરવા પ્રમાણમાં સહેલા છે અને તેનું પરીક્ષણ જગત કરે છે પણ જે સૌથી અઘરી વાત છે તે અત્યંત દુર્લભ છે.

એક આધુનિક કાળના યુધિષ્ઠિર અને દુર્યોધનની સરખામણી કરી જે , છેલી વિશેષતાએ તેમને લોકમાનસમાં દુર્યોધન અને યુધિષ્ઠિર પ્રતિષ્ઠિત કર્યા તે એક યોગી ભર્તૃહરિના એક શ્લોકને આધારે પ્રસ્તુત કરી મારી વાત પૂરી કરીશ.

ભતૃહરિ કહે છે, અન્ય અનેક શ્રેષ્ઠતાઓ પરિશ્રમથી કે ઇશ્વરકૃપાથી પ્રાપ્ત થઇ શકે છે પણ છેલ્લી જે વિશેષતા છે તે અતિદુર્લભ છે.

मानुष्ये सति दुर्लभा पुरुषता पुंस्त्वे पुनः विप्रता

विप्रत्वे बहुविद्यतापि गुणता विद्यावतोर्थज्ञता

अर्थज्ञस्य विचित्र वाक्यपटुता तत्रापि लोकज्ञता

लोकज्ञस्य समस्तशास्त्र विदुषौ धर्मे मति दुर्लभा ।

સામાન્ય રીતે દુર્લભ મનુષ્ય જન્મમાં પણ વિપ્રતા એટલે ઉચ્ચ કુળમાં જન્મ દુર્લભ છે, તે કુળમાં જન્મ કદાચ મળી જાય તો પણ બહુવિજ્ઞતા એટલે અનેક વિષયમાં જ્ઞાન પ્રાપ્તિ અઘરી છે, કદાચ અન્ય વિષયોમાં પ્રાપ્ત થાય તો પણ અર્થજ્ઞતા (આર્થિક જ્ઞાન) અઘરું છે, એ પણ પ્રાપ્ત થાય તો પણ લોકોને મંત્રમુગ્ધ કરનારી વાક્પટુતા(વક્તવ્યશૈલી) અને એ પણ પ્રાપ્ત થઈ જાય તો પણ લોકજ્ઞતા એટલે કે લોકહ્રદયને જીતવાની કળા મળવી ઘણી અઘરી છે પરંતુ ઇશ્વરકૃપાથી આ

બધું કદાચ પ્રાપ્ત થઈ જાય તો પણ ધર્મે મતિ (ધર્મમય જીવન જીવવાની બુદ્ધિ)પ્રાપ્ત થવી સૌથી અઘરી છે જેને આધારે જ મનુષ્યનું દુર્યોધનત્વ કે યુધિષ્ઠિરત્વ સિદ્ધ થાય છે.

અને આપણે જે  કાર્યના નાયક યુધિષ્ઠિરત્વ પ્રાપ્ત કરેલા મહાપુરુષ છે તે કાર્યના વાહકો છીએ. મને લાગે છે કે કઠોર પ્રયત્ન અને કઠોર આત્મનીરિક્ષણ માટે આ પ્રેરણા પર્યાપ્ત છે.

*******

# <u>ભારતીય વિચાર મંચ ગુજરાત - વેબિનાર</u>


## <u>ભારત નો સ્વતંત્રતા સંગ્રામ અને સમકાલીન પડકારો વિષયે રસપ્રદ વેબિનાર યોજાયો</u>

ભારતીય વિચાર મંચ, ગુજરાત દ્વારા "ભારતનો સ્વાતંત્રતા સંગ્રામ અને સમકાલીન પડકારો" વિષય પર રસપ્રદ વેબીનારનું આયોજન આજે કરવામાં આવ્યું હતું.જેમાં મુખ્ય વક્તા તરીકે ઓર્ગેનાઈનઝર વિકલીના સંપાદક શ્રી પ્રફુલ કેતકરે પોતાનું મનનીય વક્તવ્ય આપ્યું હતું.




શ્રી કેતકરે વક્તવ્યના પ્રારંભે નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૫મી જન્મજયંતિ "પરાક્રમ દિવસ" પર શ્રદ્ધાંજલી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે ભારતે સ્વતંત્રતા સંગ્રામની લડાઈ માં પોતાની ઓળખાણ ગુમાવી નહી.ભારતને રાષ્ટ્રીયતા આપવાનો ખોટો દાવો અંગ્રેજો વર્ષો સુધી કરતા હતા.

ભારત વર્ષો થી એક રાષ્ટ્ર જ હતું. ડાબેરી વિચારધારાના લોકો પણ અંગ્રેજોના સુર માં સુર મિલાવી ભારતને એક રાષ્ટ્ર તરીકે ગણતા ના હતા.




શ્રી કેતકરે જણાવ્યુ હતુ કે ભારતની સ્વતંત્રતા માટેની લડાઇ કોઇ એક રાજકીય પક્ષ દ્વારા લડાઈ રહી હતી તેવી છબી ઉભી કરવામાં આવી હતી જ્યારે આ લડાઈ ભારતના વિભિન્ન સ્થળે, વિભિન્ન લોકો,સમુદાયો દ્વારા પણ લડાઈ રહી હતી.

તેમણે જણાવ્યું કે ભારતની બ્રિટિશ શાસન સામે થયેલી બહુઆયામી સ્વાંત્રતાની લડાઈનો આપણે નવા સમયમાં પુનઃ અભ્યાસ કરવાની આવશ્યકતા છે.અંગ્રેજોએ ભારતના સ્વ ને મીટાવવાના અનેક પ્રયાસ કર્યા. ભારતના જનજાતિ સમાજને ભારતના અન્ય સમાજથી અલગ કરવાના અનેક પ્રયાસ કર્યા જેમકે ફોરેસ્ટ એક્ટ લાગુ કર્યો, અનેક હત્યાઓ કરી જનજાતિ સમાજને હાંસિયામાં ધકેલવાનો પ્રયાસ કર્યો જેમાં અંગ્રેજોનો પરાજય થયો.

શ્રી પ્રફુલ કેતકરના ઉત્કૃષ્ટ વક્તવ્ય બાદ ઝૂમ અને યુ ટ્યુબ ચેનલ પર દેશ વિદેશથી જોડાયેલા પ્રબુદ્ધજનો સાથે વિચાર વિમર્શ થયો હતો.ભારતના સ્વતંત્રતા સંગ્રામ વિશે પૂછાયેલા તમામ પ્રશ્નોનો સમાધાનકારક જવાબો તેમણે આપ્યા હતા.

સમગ્ર વેબિનારનું સંચાલન શ્રી જવનીલ દ્વિવેદી એ કર્યું હતું.આભારવિધિ ડૉ શિરીષ કાશીકરે કરી હતી.

આ વેબીનારમાં ભારતના અનેક શહેરના વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ, ઉદ્યોગ જગતના અગ્રણીઓ, સામાજિક સંસ્થાના અગ્રણીઓ અને શહેરના  પ્રબુદ્ધજનો બહોળી સંખ્યામાં  ઉપસ્થિત રહ્યા હતા.

**સંપૂર્ણ વેબીનાર ભારતીય વિચાર મંચની You Tube ચેનલ પર ઉપલબ્ધ છે.**

વેબિનાર લિંક : https://youtu.be/B9VAVers8J4





## Bhartiya vichar manch gujarat: ભારત નો સ્વતંત્રતા સંગ્રામ અને સમકા લીન પડકારો વિષયે રસપ્રદ વેબિનાર યોજાયો


Input Team January 23, 2022

Bhartiya vichar manch gujarat: ભારતીય વિચાર મંચ ગુજરાત દ્વારા થયેલું આયોજન

**અમદાવાદ, ૨૩ જાન્યુઆરી:** Bhartiya vichar manch gujarat: ભારતીય વિચાર મંચ, ગુજરાત દ્વારા "ભારતનો સ્વાતંત્રતા સંગ્રામ અને સમકાલીન પડકારો" વિષય પર રસપ્રદ વેબીનારનું આયોજન આજે કરવામાં આવ્યું હતું.જેમાં મુખ્ય વક્તા તરીકે ઓર્ગેનાઈનઝર વિકલીના સંપાદક પ્રફુલ કેતકરે પોતાનું મનનીય વક્તવ્ય આપ્યું હતું.

કેતકરે વક્તવ્યના પ્રારંભે નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૫મી જન્મજયંતિ "પરાક્રમ દિવસ" પર શ્રદ્ધાંજલી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે ભારતે સ્વતંત્રતા સંગ્રામની લડાઈ માં પોતાની ઓળખાણ ગુમાવી નહી.ભારતને રાષ્ટ્રીયતા આપવાનો ખોટો દાવો અંગ્રેજો વર્ષો સુધી કરતા હતા.

ભારત વર્ષો થી એક રાષ્ટ્ર જ હતું. ડાબેરી વિચારધારાના લોકો પણ અંગ્રેજોના સુર માં સુર મિલાવી ભારતને એક રાષ્ટ્ર તરીકે ગણતા ના હતા.






By: JD Reporter | Date: January 24, 2022

# ભરૂચ: ભારત નો સ્વતંત્રતા સંગ્રામ અને સમકાલીન પડકારો વિષયે રસપ્રદ વેબિનાર યોજાયો

- ભારતીય વિચાર મંચ ગુજરાત દ્વારા થયેલું આયોજન

ભારતીય વિચાર મંચ, ગુજરાત દ્વારા "ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને સમકાલીન પડકારો" વિષય પર રસપ્રદ વેબીનારનું આયોજન આજે કરવામાં આવ્યું હતું.જેમાં મુખ્ય વક્તા તરીકે ઓર્ગેનાઈઝર વિકલીના સંપાદક પ્રફુલ કેતકરે પોતાનું મનનીય વક્તવ્ય આપ્યું હતું.

કેતકરે વક્તવ્યના પ્રારંભે નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૫મી જન્મજયંતિ "પરાક્રમ દિવસ" પર શ્રદ્ધાંજલી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે ભારતે સ્વાતંત્ર્ય સંગ્રામની લડાઈ માં પોતાની ઓળખાણ ગુમાવી નહી.ભારતને રાષ્ટ્રીયતા આપવાનો ખોટો દાવો અંગ્રેજો વર્ષો સુધી કરતા હતા.

ભારત વર્ષો થી એક રાષ્ટ્ર જ હતું. ડાબેરી વિચારધારાના લોકો પણ અંગ્રેજોના સુર માં સુર મિલાવી ભારતને એક રાષ્ટ્ર તરીકે ગણતા ના હતા. કેતકરે જણાવ્યુ હતુ કે ભારતની સ્વાતંત્ર્ય માટેની લડાઈ કોઈ એક રાજકીય પક્ષ દ્વારા

SHARE POST:

Subscribe

Email address

I WANT IN →

I've read and accept the Privacy Policy.

પ્રેસનોટ, જાહેરાત માટે સંપર્ક

*********

<u>ભારતીય વિચાર મંચ - સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત : કાર્યકર્તા અભ્યાસ વર્ગ</u>

ભારતીય વિચાર મંચ દ્વારા પ્રાંત કાર્યકર્તા બેઠકમાં નક્કી થયા મુજબ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં આવેલ કેન્દ્રોનો કાર્યકર્તા અભ્યાસ વર્ગ સર્કિટ હાઉસ, ગાંધીનગર ખાતે તા. ૦૯ જાન્યુઆરી ૨૦૨૨, રવિવાર (પોષ શુક્લ સપ્તમી, વિક્રમ સંવત ૨૦૭૮) ના રોજ આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં ૯ કેન્દ્રો અમદાવાદ, ગાંધીનગર, મોડાસા, હિંમતનગર, પાટણ, રાજકોટ, ભુજ, ગાંધીધામ, જૂનાગઢ મળીને કુલ ૪૬ જેટલા કાર્યકર્તાઓએ અભ્યાસવર્ગમાં ભાગ લીધો હતો.




અભ્યાસ વર્ગનું આયોજન કુલ 3 સત્રોમાં કરવામાં આવ્યું હતું. પ્રથમ સત્રમાં શ્રી પંકજભાઈ પુરોહિત દ્વારા ભારતીય વિચાર મંચ - કાર્ય, ઉદ્દેશ્ય - હેતુ, કાર્ય પદ્ધતિ અને રચનાનો પરિચય આપવામાં આવ્યો.




બીજા સત્રમાં આયામશઃ સમાંતર સત્રનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં બધા કાર્યકર્તા ૩ ભાગમાં વહેંચાઈને ૧) પ્રાધ્યાપક - યુવા ૨) સાહિત્ય - પ્રચાર ૩) મંત્રી અને અધ્યક્ષ  એમ ૩ જૂથોમાં જે તે વિષય પર આયામશઃ ચર્ચા કરી.



ભોજન અવકાશ બાદ ત્રીજા સત્રમાં આયામશઃ બેઠકો ની જે તે કાર્યકર્તા દ્વારા માહિતી આપવામાં આવી. ત્યારબાદ મુક્ત ચિંતન સત્રમાં દરેક કાર્યકર્તાઓએ કાર્યને લગતા વિષયો પર પોતાના દિશા સૂચન તથા અભિપ્રાય આપ્યા. અંતમાં પ્રાંત મંત્રી શ્રી ઇશાનભાઇ જોશીએ પોતાના પ્રેરણાદાયી વિચારો રજૂ કરીને અભ્યાસ વર્ગનું સમાપન કર્યું .



અભ્યાસ વર્ગમાં આવેલા તમામ કાર્યકર્તાઓએ પોતપોતાના કેન્દ્રોમાં ભારતીય વિચાર મંચનું કાર્ય આગળ વધે તેવા ધ્યેય તથા દૃઢ નિશ્ચય સાથે બધા છુટા પડ્યા.


RAW

****

## ભારતીય વિચાર મંચ - ગાંધીનગર : વાચક ગોષ્ઠી

તા. ૨૭/૦૧/૨૦૨૨ને ગુરુવારે રાતે ૮.૩૦ થી ૧૦.૦૦ સુધી ભારતીય વિચારમંચ, ગાંધીનગર કેન્દ્ર દ્વારા પ્રથમ વાચક ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું.




કુલ ૨૭ વાચકો ગોષ્ઠીમાં જોડાયા હતા. સૌપ્રથમ અજય રાવલ દ્વારા ભારતીય વિચારમંચનો પરિચય આપ્યો હતો. શ્રી ભરતભાઈ ગોહિલ દ્વારા વાચક ગોષ્ઠીનો પરિચય અને સ્વરૂપ બતાવવામાં આવ્યું. પછી ડૉ. સુનિતા લીલાણીએ 'પોલિયાના' પર પોતાના વિચારો રજૂ કર્યા જેનો સાર હતો કે હકારાત્મક વલણ દાખવવું અને હતાશ ન થવું. અજય રાવલ દ્વારા NCERT દ્વારા પ્રકાશિત પુસ્તકોમાં ભારતીય દૃષ્ટિના અભાવમાં લખાયેલ ઇતિહાસની વાત દર્શાવતા પુસ્તક 'ભારતીય ઇતિહાસ ચિંતન તથા લેખન'નો પરિચય આપ્યો. અભિષેકભાઈ બારડ દ્વારા સિંહપુરુષ પુસ્તકનો પરિચય રજૂ કર્યો જેમાં વીર સાવરકરના રોમાંચક પ્રસંગોનું વર્ણન કરેલ છે. પ્રવીણભાઈ વઘાસિયા દ્વારા સંપાદિત પુસ્તક 'સંબંધોના સરનામા'નો પરિચય આપી નવોદિતોને લખવા પ્રેરણા મળી છે એવી વાત કહી હતી. પંકજભાઈ પુરોહિત દ્વારા Nationalism પુસ્તક દ્વારા રવીન્દ્રનાથ ટાગોરના રાષ્ટ્રવાદ વિશેના વિચારો રજૂ કર્યા.

ભરતભાઈ ગોહિલ દ્વારા આવરણ પુસ્તકનો પરિચય આપ્યો. જે લવ જેહાદ વિષય પર નવલકથા અને તથ્યાત્મક બાબતોને રજૂ કરતું આ નૂતન પ્રયોગ છે. અંતમાં ડૉ. પ્રવીણભાઈ વાટલિયા દ્વારા આભાર વિધિ કરી કાર્યક્રમ સંપૂર્ણ થયો હતો.



# ભારતીય વિચાર મંચ ગાંધીનગર દ્વારા પ્રથમવાર વાચક ગોષ્ઠિ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર,તા.૨૪


ભારતીય વિચાર મંચ ગાંધીનગર કેન્દ્ર દ્વારા નિયમિત પુસ્તકોનું વાંચન કરતાં હોય તેવા ગાંધીનગરના તમામ વાચકરસિકો માટે વાચકગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં આપ સૌ વાચકોને ઉપસ્થિત રહેવા સાદર નિમંત્રણ છે. વાચકગોષ્ઠિ દર મહિને નિયમિતરૂપે થશે. કોરોનાની પરિસ્થિતિને કારણે આ વખતે વાચકગોષ્ઠિ ઓનલાઈન રહેશે. (Zoom platform) નિયમિત સારા પુસ્તકોનું વાંચન કરતા બધા જ પ્રબુદ્ધજનો આ ગોષ્ઠિમાં સહભાગી થઈ શકશે. વાચકગોષ્ઠિમાં તમારે અગાઉ વાંચેલા કોઈ પણ એક પુસ્તક વિશે ૫-૭ મિનિટમાં વાત કરવાની રહેશે. શક્ય હોય તો આ પુસ્તક સાથે રાખવુ જેથી બધાને બતાવી શકાય. પુસ્તક પરિચય બાદ અન્ય સદસ્યો એડમીનની મંજૂરીથી જે તે પુસ્તક વિશે ટૂંકી ટિપ્પણી કરી શકશે. સમયના અભાવે કોઈ વાચક રહી ન જાય તે માટે આપ અગાઉથી આપનું તથા પુસ્તકનું નામ નીચે દર્શાવેલ સંપર્ક પર નોંધાવી શકાશે. સારા વાચકો આ કાર્યક્રમના સહભાગી બને તે માટે તમારા પરિચિત વાચકોને આપ આમંત્રિત કરી શકશો. તારીખ ૨૭ જાન્યુઆરીએ યોજાનાર આ કાર્યક્રમની વધુ માટે અજયભાઈ રાવલ - 9723132892 અને ભરતભાઈ ગોહિલ - 9979933122 નો સંપર્ક સાધવા જણાવાયું છે.

***


**<u>ભારતીય વિચાર મંચ દ્વારા પ્રકાશિત ઉત્તમ સાહિત્ય હવે ઓનલાઇન પણ ઉપલબ્ધ ...</u>**

સમાજ અને રાષ્ટ્ર જીવન માટે મહત્વપૂર્ણ વિષયો પર ગહન અભ્યાસપૂર્ણ સામગ્રી... હવે આંગળીના ટેરવે.


વિશુદ્ધ વૈચારિક ભાથું પીરસતું સમૃદ્ધ સાહિત્ય આજે જ મંગાવો... વાંચો...અને વંચાવો.




૧) રક્તરંજીત મધ્યપૂર્વ : ઇતિહાસ અને વર્તમાન




૨) આવરણ




૩) ભારતીય જ્ઞાનનો ખજાનો



४) भारत का राजा : महाभारत में राजत्व का परिप्रेक्ष्य।



**૫) અંગ્રેજી માધ્યમની ભ્રમજાળ : ભારતના વિકાસ માટે ભાષા આયોજન.**




**' ભારતીય વિચાર મંચ '**

**દ્વારા પ્રકાશિત પુસ્તકો, મંચની વેબસાઈટ: [https://vichar.org/books](https://vichar.org/books) પરથી આજે જ ખરીદો.**

# <u>પુસ્તક પરિચય</u>

પુસ્તકનું નામ :-  રક્તરંજીત મધ્યપૂર્વ : ઇતિહાસ અને વર્તમાન

I S B N :  978-8193759745

લેખક :- રમેશ પતંગે


અનુવાદ :-  સુધા કરંજગાંવકર

પ્રકાશક :- ભારતીય વિચાર મંચ.

પાના :- 256 પાના.

મૂલ્ય :- 300/- રૂપિયા.

પ્રથમ આવૃત્તિ : 14 જાન્યુઆરી, 2019




વર્તમાનમાં અફઘાનિસ્તાનની શાસકીય ઉથલપાથલે ફરી એકવાર વિશ્વને ચિંતિત કરી મૂક્યું છે. ઇસ્લામિક જગતમાં નિરંતર ચાલી રહેલા રક્તપાત માટે ત્યાંના આતંકી સમૂહો જવાબદાર હોય છે..  તાલિબાન, અલ-કાયદા, બોકો હરમ,  IS, ISIS, ISIL, હક્કાની નેટવર્ક, હિઝબલ્લાહ, જૈશ એ મોહમ્મદ, લશ્કરે તૈયબ્બા, અલ નુસરાહ ફ્રન્ટ, હમાસ, અબુ સૈયાફ ગૃપ, મુસ્લિમ બ્રધરહૂડ જેવા વિવિધ નામધારી આતંકી સંગઠનો આ ત્રાસવાદી ઘટનાઓને અંજામ આપે છે..આતંકી ઘટનાઓમાં સ્થાન કે દેશોના ખાલી નામ જ બદલાય છે..જેમ કે અફઘાનિસ્તાન, સીરિયા, અલજીરીયા, નાઇજિરિયા, માલી, લેબેનોન, સુદાન, યમન, પાકિસ્તાન, ઇજિપ્ત, સોમાલિયા વગેરે વગેરે.. અહીં છે હિંસા, વિદ્વેષ, ઉપાસના પદ્ધતિઓ બાબતના અતાર્કિક અને સંવાદશૂન્ય મતભેદો અને તેના ઉકેલની પણ પાછી હિંસાત્મક પદ્ધતિઓ !

સમાજકાર્યના અનેક પુરસ્કાર પ્રાપ્ત એવા શ્રી રમેશ પતંગે પોતે સારા લેખક અને ચિંતક પણ છે..મૂળ મરાઠી પુસ્તકમાં તેઓએ ગહન અભ્યાસને અંતે આ વિષયના અનેક આયામો પર સાર્થક અધ્યયનપૂર્ણ પ્રકાશ નાખવાનો ઉત્તમ પ્રયાસ કર્યો છે.

મધ્યપૂર્વના બે મહત્વના ભૌગોલિક ભૂભાગ એવા  અરબસ્તાન પ્રદેશના 9 દેશો તેમજ અરબ જગતના 22 દેશોની ભૌગોલિક અલગતા-ભૂગોળ છે પણ તેઓનો કોઈ સ્વતંત્ર ઇતિહાસ નથી. તે સ્થાનોના આર્યત્વના જોડાણ,

તેમની ઉપર રહેલા મોટા સામ્રાજયોનો ઇતિહાસ, ઇસ્લામનો ઉદય, ખલિફા-ખિલાફત, તેઓના આંતરિક લોહિયાળ યુદ્ધો, વીસમી સદીની શરૂઆતમાં મળેલા તેલના ભંડારો અને તેના વેપાર માટે થયેલી કપટી કૂટનીતિ, ઇઝરાયેલનું નિર્માણ જેવા તમામ આયમો પર વિસ્તૃત છણાવટ કરી છે.

વિશેષમાં અતિ મહત્વપૂર્ણ એવા ઇસ્લામના અતિ તીવ્ર ગતિના ફેલાવા, ત્રાસવાદનું તત્વજ્ઞાન અને એ તત્વજ્ઞાનમાંથી ત્રાસવાદી સંગઠનો કેવી રીતે ઉભા થયા તેની પણ ઊંડી સમજણ આ પુસ્તક કરાવે છે. અત્યારની કટ્ટર વહાબી, તબલિગી સંગઠનો જે વિચારસરણી-તત્વજ્ઞાનને અનુસરે છે તે સૈયદ કુતુબ(ઇજિપ્ત,1906-1966)ની જહિલિય્યા સંકલ્પના અને તેણે લખેલ પુસ્તક માલિક-ફિલ-તારિક અંગ્રેજીમાં milestone, મુસ્લિમ બ્રધરહૂડની માહિતી પણ આ સમસ્યાને સમજવા માટે અહીં સવિસ્તાર વર્ણવી છે..

***

# વિચાર બોધ

## એકતાનું સામર્થ્ય - એક સરસ ટૂંકી બોધ કથા

એક સમય જયારે અંગ્રેજોનું રાજ હતું. એક સ્થાન ઉપર ધાર્મિક કાર્યક્રમ હતો. કાર્યક્રમ પૂરો થયા પછી બધા ભાઇઓ બહાર આવ્યા. બહેનો પણ બહાર આવી રહી હતી. એજ સમયે બે અંગ્રેજ અમલદાર દારૂપીને આવિ અને બહેનોના બહાર આવવાના દરવાજા પાસે ઉભા રહી ગયા. રસ્તો રોકી ખરાબ ભાષામાં વાતો કરતા. જેના કારણે બહેનોને બહાર આવવામાં તકલીફ પડતી. તેમના ઘરના લોકો એજ દરવાજાની સામે તેમની રાહ જોતા હતા. પરંતુ, અમલદાર ની સામે બોલવાની હિંમત કોઇનામાં નહતી. ઘણો બધો સમય આમજ પસાર થઇ ગયો.

તે સમયે એ માર્ગ પાસેથી બે મરાઠી યુવાનો પસાર થઇ રહ્યા હતા. દરવાજા પાસે ભીડ જોઈ ત્યાં શું ચાલી રહ્યું છે તે જાણવાનો પ્રયત્ન કર્યો. જયારે તેમને પરિસ્થિતિની જાણ થઇ ત્યારે એક યુવાને બીજા મિત્રને કહ્યું ચાલ આપણે બહેનોની મદદ કરીએ. બીજા મિત્રે કહ્યું, માધવ શુકામ ખોટી ઝંઝટ માથે લે છે ? એટલું કહી તે ત્યાંથી જતો રહ્યો. પરંતુ માધવથી રહેવાયું નહિ. તે પુરુષો ની ભીડ પાસે જઈ બધાને ઉદ્દેશી કહ્યું,ભગાડો આ બે ગોરા અમલદારોને ? બધાને તેમની વાત ઉચિત લાગી પરંતુ, તેમની સામે પ્રશ્ન હતો કે શરૂઆત કોણ કરે ? એટલા માટે બધા ચુપ હતા તે માધવના ધ્યાનમાં આવ્યું. ચાલો હું આગળ વધુ છું એમ કહી માધવ અમલદારોની સામે જવા લાગ્યો. ધીરે ધીરે અન્ય લોકો પણ તેમની પાછળ જોડતા ગયા. અમલદાર પાસે જઈને તેમને ધમકાવતા કહ્યું, અહીંથી જતા રહો નહી જાઓ તો અમારિ ટીમ દેખાય છે ને? તેનો ભારે અવાજ અને તેવર જોઈ બંને અમલદાર ત્યાંથી ઘભરાઈને ભાગી ગયા.

લોકોએ માધવને ધન્યવાદ આપ્યા. માધવે કહ્યું તમે આટલા બધા લોકો હોવા છતાં આ બે લોકો થી ડરી ગયા ? આપને આપણી સંગઠિત શક્તિ બતાવીશું નહિ તો તે આપણી કમજોરીનો લાભ જ લેશે. પરંતુ જો એકતાનું બળ બતાવવામાં આવે, તો તેમની શું તાકાત છે ? સામેવાળાની શક્તિથી ગભરાયા વગર તેમને આપણી શક્તિ બતાવો.

આ માધવ આગળ જઈને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ના અનેક વર્ષ સરસંઘચાલક રહ્યા.

આ કથા દ્વારા એકતાનું સામર્થ ધ્યાનમાં આવેછે. આપણે એકલા કઈજ કરી નથી શકતા, પરંતુ આપણે સંગઠિત થવા પર નિશ્મિત વિજય પ્રાપ્ત થાય છે. કોઈ પણ લડાઈ લડવી હોય તો સંગઠિત થવું જરૂરી છે.

# Join BVM (ભારતીય વિચાર મંચ)

વિચાર સર્વોપરી છે. વિચારો વ્યક્તિની ચેતનાના સ્તરને અસર કરે છે. તેથી દરેક વિચાર યોગ્ય દિશામાં અને અસરકારક પ્રસ્તુતિ સાથે સર્જનાત્મકતાનું પ્રથમ પગલું છે. ભારતીય વિચાર મંચ માને છે કે આ સંપૂર્ણ વિચાર પ્રક્રિયા આપણા સમાજ અને સંસ્કૃતિનું ચાલક બળ છે.

ભારતીય વિચાર મંચ આ વૈચારિક આંદોલનનું નેતૃત્વ કરી રહ્યું છે. ભારતીય વિચાર મંચ આપ સૌને આ વૈચારિક ચળવળનો એક ભાગ બનવા નિવેદન કરે છે, અને "કાર્યકર્તા" બનીને આ વૈચારિક ચળવળમાં તમારો ટેકો આપશો.

ભારતીય વિચાર મંચના કાર્યકર્તા બનવા માટે નીચેની લિંક દ્વારા તમારી માહિતી શેર કરીને મંચ માં જોડાઇ શકો છો

https://forms.gle/mrueb1RyFh4UthxdA

***

આપના પ્રતિભાવો અહીં આપેલ ઈમેલ : bvmguj@gmail.com અથવા
વૉટ્સએપ નંબર : 7405862697 ઉપર આપ મોકલી શકશો.